
# વિહિપના નેતા સિંઘલ, તોગડિયા સહિત હજારોની ધરપકડ

અયોધ્યા,તા. ૨૫

પ્રતિબંધાત્મક આદેશ, મજબુત સુરક્ષા વ્યવસ્થા અને ધરપકડના દોર વચ્ચે પણ વિશ્વ હિંદુ પરિષદે તેની અયોધ્યાથી વિવાદાસ્પદ ૮૪ કોસી પરિક્રમા શરૂ કરી દીધી હતી. યાત્રા શરૂ થતાની સાથે જ ધરપકડનો દોર શરૂ થયો હતો. વિહીપના નેતા અશોક સિંઘલ, પ્રવિણ તોગડીયા સહિત હજારોની ધરપકડ શરૂઆતમાં જ કરી લેવામાં આવી હતી. ઉત્તર પ્રદેશ સરકારે પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કર્યા બાદ વિશ્વહિંદુ પરિષદના વરિષ્ઠ નેતા પ્રવીણ તોગડિયાની ધરપકડ કરી લેવામાં આવી હતી. ત્યારબાદ વિહિપના અન્ય વરિષ્ઠ નેતા અશોક સિંઘલની લખનૌ વિમાની મથકે અટકાયત કરી લેવામાં આવી હતી. વિહિપના નેતાઓ સામે આક્રમક કાર્યવાહી ધારણા પ્રમાણે જ હાથ ધરવામાં આવી હતી. તોગડિયાની અયોધ્યામાં ગોલાઘાટ ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ ઉત્તર પ્રદેશ સરકાર અને વિશ્વહિંદુ પરિષદના કાર્યકરો આમને સામને આવી જાય તેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. વિહિપે તેની યાત્રા સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે શરૂ કરી દીધી હતી. વહીવટી તંત્ર દ્વારા ભાજપના ભૂતપૂર્વ સાંસદ અને વર્તમાન ધારાસભ્યો સહિત ૫૦૦ લોકોની ધરપકડ હજુ કરી લીધી છે. રામજન્મ ભૂમિ ન્યાસ કમીટીના ચેરમેન મહંત નૃત્યગોપાલદાસે અયોધ્યામાં મણીરામ છાવણી (અખાડા) ખાતેથી યાત્રાની શરૂઆત કરાવી હતી પરંતુ પોલીસે અટકાયતનો દોર શરૂ કરી દીધો હતો. ગોપાલદાસે કહ્યું હતું કે અમે યાત્રા શરૂ કરી ચૂક્યા છે પરંતુ આ યાત્રા રાજકીય નથી. યાત્રાની શરૂઆત પહેલાં જ ભાજપના ભૂતપૂર્વ સાંસદ રામવિલામ વેદાંતી અને ધારાસભ્ય રામચંદ્ર યાદવની સવારે ધરપકડ કરી લેવામાં આવી હતી. વેદાંતીની સવારે સાત વાગે પરિક્રમા માટે તેમના ઘરે રવાના થઈ રહ્યા હતા ત્યારે જ અટકાયત કરી લેવામાં આવી હતી. રામચંદ્ર યાદવની પણ અહીંથી જ ધરપકડ કરાઈ હતી. વિહિપે જાહેરાત કરી હતી કે તે કોઈપણ સંજોગોમાં યાત્રાને આગળ વધારશે. કોમવાદી હિંસા ભડકી ઉઠશે તેવી દહેશતના લીધે સમાજવાદી પાર્ટી સરકારે સઘન સુરક્ષા ગોઠવી હતી અને વિહિપની યાત્રા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. ૮૪ કોસી પરિક્રમાને લઈને સાધુ-સંતો વિભાજીત દેખાઈ રહ્યા છે. કેટલાક સાધુ-સંતોએ આનો જોરદાર વિરોધ કર્યો છે. ધરપકડના કારણે કેટલાક નેતાઓ અન્ડરગ્રાઉન્ડ પણ થઈ ગયા હતા. વિહીપના કેટલાક કાર્યકરોએ સુરક્ષા પાસાઓની ફગાવી દઈને સરયુપુજન કર્યા બાદ યાત્રા શરૂ કરી હતી.જોકે પરિક્રમા શરૂ થતાની પહેલાજ કેટલાકની ધરપકડ કરી લેવાઈ હતી.





## કરફ્યુ જેવી સ્થિતિ સર્જાઇ

વિહિપની યાત્રાની આજે શરૂઆત થઈ હતી. આની સાથે જ ધરપકડનો દોર પણ શરૂ થયો હતો. ધારણા પ્રમાણે જ પ્રતિબંધાત્મક આદેશોને ફગાવી દઈને વિહિપે તેની યાત્રા શરૂ કરી હતી. વિહિપની યાત્રાની સાથે સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- વિહિપના વરિષ્ઠ નેતા અશોક સિંઘલની લખનૌ વિમાની મથકે ધરપકડ કરી લેવાઈ
- પ્રવીણ તોગડિયાની અયોધ્યામાં ગોલાઘાટ ખાતે સવારે ધરપકડ કરી લેવાઈ
- વહીવટી તંત્ર દ્વારા ભાજપના પૂર્વ સાંસદ અને વર્તમાન ધારાસભ્ય સહિત ૫૦૦થી વધુની ધરપકડ કરી લીધી
- રામજન્મ ભૂમિ ન્યાસ કમીટીના ચેરમેન મહંત નૃત્યગોપાલદાસે અયોધ્યામાં મનીરામ છાવણી (અખાડા) ખાતેથી યાત્રાની શરૂઆત કરી
- યાત્રા કોઈ રાજકીય હોવાનું ગોપાલદાસે ઈન્કાર કર્યો
- યાત્રાની શરૂઆત પહેલાં જ ભાજપના ભૂતપૂર્વ સાંસદ રામવિલાસ વેદાંતી અને ધારાસભ્ય રામચંદ્ર યાદવની ધરપકડ કરી લેવાઈ
- વેદાંતીની સવારે સાત વાગે પરિક્રમા માટે પોતાના ઘરેથી રવાના થયા બાદ ધરપકડ કરી લેવાઈ
- કરફ્યુ જેવી સ્થિતિ તમામ વિસ્તારોમાં સર્જાઈ ગઈ
- સરહદી જિલ્લાઓને સીલ કરી દેવામાં આવ્યા હતા
- કલમ ૧૪૪ પણ લાગુ કરવામાં આવી હતી
- અયોધ્યામાં વિહિપના નેતાઓના પ્રવેશને રોકવા માટે પોલીસ ગોઠવી દેવામાં આવી હતી
- રાજ્ય ઉપરાંત બહારથી પણ સુરક્ષા જવાનો ગોઠવવામાં આવ્યા હતા
- ઉત્તર પ્રદેશ સરકારે યાત્રા ઉપર પહેલાથી જ પ્રતિબંધ મૂક્યો હતો
- વિહિપની યાત્રાને લઈને પહેલાંથી જ ૨૫ કામચલાઉ જેલ ઊભી કરવામાં આવી હતી
- રાજ્ય પોલીસ ઉપરાંત રેપીડેક્શન ફોર્સ, અર્ધલશ્કરી દળોના જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા હતા
- અયોધ્યા, ફૈઝાબાદ, લખનૌ અને અન્ય મોટા શહેરો સુરક્ષા છાવણીમાં ફેરવાઈ ગયા હતા
- દુકાનો, વેપારી પેઢીઓ બંધ રાખવામાં આવી હતી

## પાક દ્વારા યુદ્ધવિરામનો ભંગ

જમ્મુ,તા. ૨૫

પૂચ અને રાજૌરી જિલ્લામાં શનિવારે ત્રણવખત યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાની સૈનિકોએ આજે અંકુશ રેખા પર મેન્ધાર સેક્ટરમાં ભારતીય ચોકીઓ પર કોઇ પણ ઉશ્કેરણીજનક રીતે ગોળીબાર કર્યો હતો.

યુદ્ધવિરામનો ભંગ કરીને ફરી કરવામાં આવેલા ગોળીબારના જવાબમાં ભારતીય સેનાએ પણ જોરદાર કાર્યવાહી કરી હતી. સામસામે ગોળીબાર કલાકો સુધી જારી રહ્યો હતો.સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ હાલમાં જ કહ્યુ હતુ કે સેનાને અંકુશરેખા પર યુદ્ધવિરામનો ભંગ કરવાની સ્થિતિમાં યોગ્ય જવાબ આપવા સ્વતંત્રતા આપવામાં આવી છે. સેનાના વડા વિક્રમસિંહ પણ પાકિસ્તાની સેના દ્વારા યુદ્ધવિરામના ભંગના કેસમાં આક્રમક જવાબ આપવા કહેવામાં આવ્યુ છે. પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના ભંગના કારણે આ મામલાની સર્વોચ્ચ સ્તરે રજુઆત કરવામાં આવી હોવા છતાં પાકિસ્તાન દ્વારા સતત યુદ્ધવિરામનો ભંગ કરાઈ રહ્યો છે.પહેલી જાન્યુઆરી બાદથી આ વર્ષે પાકિસ્તાની સૈનિકો દ્વારા ૮૦ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી ચુક્યો છે.

## ફૂડ સિક્યુરિટી બિલ આજે હાથ ધરાય તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૨૫

સોનિયા ગાંધીના મહત્વકાંક્ષી ફૂડ બિલ ઉપર સોમવારના દિવસે ચર્ચા હાથ ધરવામાં આવનાર છે. આવતીકાલે આ બિલને પસાર કરવામાં યુપીએ સરકાર દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જો કે ભાજપ અને અન્ય વિરોધ પક્ષોના વલણ ઉપર તમામ બાબતો આધારિત રહેશે. જો અન્ય મુદ્દા ઉપર હોબાળો નહીં થાય તો ફૂડ બિલને પસાર કરવાની અને ચર્ચા કરવાની તક મળી જશે. ફૂડ બિલ ઉપર તમામની નજર હવે કેન્દ્રીત થઈ ગઈ છે. સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે હાલમાં જ કહ્યું હતું કે ફુડ



સિક્યુરિટી બિલને ચર્ચા માટે અને પસાર માટે સોમવારના દિવસે હાથ ધરવામાં આવશે. સોમવાર બાદથી ફૂડ બિલ એજન્ડામાં લોકસભામાં હોવા છતાં તેના પર ચર્ચા થઈ નથી. રાજ્યસભામાં શનિવારે ફુડ બિલને પસાર કરવાના હેતુસર હાલમાં સંસદના મોનસૂન સત્રને લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મોનસૂન સત્ર ચોથી સપ્ટેમ્બર સુધી ચાલનાર છે. લોકસભા અને કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી નજીક હોવાથી કોંગ્રેસ સરકાર વહેલીતકે આ બિલને પસાર કરવા માંગે છે. કમલનાથનું કહેવું છે કે આ તમામ લોકોએ સોમવારે ફુડ સિક્યુરિટી બિલ હાથ ધરવા માટે અપીલ કરી ચુક્યા છે જેથી સોમવારે આના પર ચર્ચા થશે. સોમવારે બિલ પસાર થઈ જાય તેમ માનવામાં આવે છે. ફૂડ સિક્યુરિટી બિલ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના મુખ્ય અને પસંદગીના બિલ તરીકે છે. ફૂડ બિલના આધાર ઉપર યુપીએ ચૂંટણીમાં મોટો લાભ લેવા ઈચ્છુક છે. કોંગ્રેસની દલીલ છે કે યુપીએ દ્વારા સૌથી પહેલા માહિતીનો અધિકાર અપાયો હતો. ત્યારબાદ શિક્ષણનો અધિકાર અને હવે ભોજનનો અધિકાર આપવા જઈ રહી છે જેથી યુપીએ સરકાર સામાન્ય લોકોના હિતમાં એક પછી એક પગલાં લઈ રહી છે. કરોડો લોકોને ફૂડ બિલથી સસ્તા અનાજનો અધિકાર મળી જશે.

## અગ્નિ-૫ મિસાઈલનું બીજું પરીક્ષણ સપ્ટેમ્બરમાં કરાશે

હૈદરાબાદ,તા. ૨૫

ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરવા સક્ષમ અને સ્વદેશી રીતે નિર્મિત મિસાઈલ અગ્નિ-૫નું ફરીવાર પરિક્ષણ કરવાની તૈયારી શરૂ થઈ ચૂકી છે. આગામી મહિનામાં અગ્નિ-૫નું બીજી વખત પરીક્ષણ કરવા માટેની તૈયારી અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. એપ્રિલ ૨૦૧૨માં ઈન્ટરકોન્ટીનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલનું પ્રથમ પરીક્ષણ કરવામાં આવ્યા બાદ ચીન સહિતના દેશો હચમચી ઉઠ્યા હતા. હવે ભારત ફરી એકવાર સફળ પરીક્ષણ કરીને તમામ દેશોને સ્પષ્ટ ચેતવણી આપી દેવા માટે ઈચ્છુક છે. અગ્નિ-૫ મિસાઈલ ૫૦૦૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે. એક ટનથી પણ વધુ પરમાણુ વોરહેડ લઈને ત્રાટકવામાં આ મિસાઈલ સક્ષમ છે. ૫૦ ટનનું વજન ધરાવનાર આ મિસાઈલમાં અતિ આધુનિક સામગ્રી રહેલી છે જે દુશ્મનને ઝડબાતોડ જવાબ આપી શકે છે. સશસ્ત્રદળમાં અગ્નિ-૫ મિસાઈલને સામેલ કરવા માટે અતિ ઝડપથી પ્રક્રિયા ચાલી રહી છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા ડીઆરડીઓ આગામી મહિનામાં બીજી વખત પરીક્ષણ કરનાર છે. આની સાથે જ ભારત માત્ર છ દેશો જે આવી સિદ્ધિ ધરાવે છે તે દેશોની યાદીમાં સામેલ થઈ જશે. આઈસીબીએમની ક્લબમાં જે છ દેશો રહેલા છે તેમાં અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ અને બ્રિટનનો સમાવેશ થાય છે.


મિસાઈલ એન્ડ સ્ટ્રેટેઝીક સિસ્ટમના ચીફ કંટ્રોલર વી જી શેખરનનું કહેવું છે કે પરીક્ષણ માટેની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી પરંતુ સપ્ટેમ્બર મહિનામાં અગ્નિ-૫નું પરીક્ષણ કરવામાં આવનાર છે. સબ સિસ્ટમના પરફોર્મન્સને સ્થિર કરવા માટે પરીક્ષણ કરવામાં આવનાર છે. તેમનું કહેવું છે કે આ પરીક્ષણથી ભારતીય સૈનાના નૈતિક જુસ્સામાં પણ વધારો થશે.

**કિંમતમાં સતત વધારો થતાં નવી હિલચાલ**

## ૨૦૧૧ બાદથી પ્રથમ વાર ડુંગળીની આયાતની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૫

ભારતમાં ડુંગળીની કિંમતમાં તાજેતરમાં તીવ્ર વધારો થયો છે જેથી દેશના લોકોમાં નારાજગીનુ મોજુ ફેલાયેલુ છે. આવી સ્થિતીમાં આગામી વર્ષે ચૂંટણી પહેલા વડાપ્રધાન મનમોહનસિંહ સામે જોરદાર લોક નારાજગીને ટાળવાના હેતુસર સરકારે ડુંગળીની આયાત કરવાની તૈયારી કરી લીધી છે. વર્ષ ૨૦૧૧ બાદ પ્રથમ વખત ડુંગળીની આયાત કરવામાં આવનાર છે. હાલમાં કિંમતમાં તીવ્ર વધારો થઇ રહ્યો છે. આવી સ્થિતિમાં આયાત સિવાય સરકાર પાસે વધારે વિકલ્પ રહ્યા નથી. છેલ્લા ત્રણ મહિનાના ગાળામાં શાકભાજીની કિંમતમાં ચાર ગણો વધારો થઇ ગયો છે. એકબાજુ સરકાર પહેલાથી જ ઉભરતા બજારમાં ઉંચા ફુગાવાને લઇને તકલીફનો સામનો કરી રહી છે. તેની સામે અનેક પડકાર રહેલા છે. સરકારી ટ્રેડિંગ કંપની પીઈસી લિમિટેડે આ સપ્તાહમાં ૩૦૦૦૦૦ ટન ડુંગળીની આયાતની મંજૂરીની માંગ કરી છે. જ્યારે નેશનલ એગ્રીકલ્ચર કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે ભારત ચીન, ઈરાન, ઈજિપ્ત અને



પાકિસ્તાન જેવા દેશો પાસેથી ડુંગળીની માંગ કરી શકે છે. મુંબઈમાં રેટિંગ કંપની ક્રેડિટ એનાલીસિસ એન્ડ રીસર્ચ લિમીટેડના મુખ્ય અર્થશાસ્ત્રી મદન સબનવીએ કહ્યું છે કે સરકાર સાવધાનીપૂર્વક આગળ વધી રહી છે. પરંતુ વિકલ્પ વધારે નથી. તેમણે કહ્યું હતું કે ડુંગળી ખુબ સંવેદનશીલ ચીજ છે આના કારણે ભુતકાળમાં રાજકીય પક્ષો અનેક ચૂંટણી હારી પણ ચુક્યા છે. ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધની હાર થઈ હતી.કારણ કે વર્ષ ૧૯૭૫થી ૧૯૭૭ વચ્ચેના ગાળામાં લોકશાહીને તેમને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ ૧૯૮૦મીમ ફરી સત્તામાં આવ્યા હતા. એ વેળા ગાંધીએ ડુંગળીનો મુદ્દો ઉઠાવ્યો હતો. મોંઘવારીના કારણે વર્ષ ૧૯૯૪ અને ૧૯૯૬માં પીવી નરસિંહરાવ સરકારને હારનો સામનો કરવો પડ્યો હતો. ભાજપ સામે તેમની હાર થઈ હતી. ડુંગળીની કિંમત ફરી એકવાર ગેમ ચેન્જર બની શકે છે. સરકાર પણ વાસ્તવિકતા સમજી રહી છે. સરકાર ડુંગળીની કિંમતને અંકુશમાં લેવા તમામ પ્રયાસ કરી રહી છે. ડુંગળીના ભાવ તાજેતરમાં કિલોદીઠ ૭૦-૮૦ રૂપિયા સુધી પહોંચી ગયા હતા. જો કે હવે ભાવને સ્થિર કરવાના પ્રયાસથી કેટલાક સ્તરે ભાવ કાબુમાં આવ્યા છે.


## યુવતીઓ માટે માર્શલ આર્ટ જરૂરીઃ નીતુ ચંદ્રા

મુંબઈમાં જ તાજેતરમાં ૨૨ વર્ષીય ફોટોજર્નાલિસ્ટ ઉપર સામુહિક બળાત્કારનો બનાવ બન્યા બાદ બોલિવૂડમાં પણ આની જોરદાર ચર્ચા રહી છે. અભિનેત્રી નીતુ ચંદ્રા માને છે કે યુવતીઓ માટે માર્શલ આર્ટની બાબતને ફરજિયાત બનાવવામાં આવે તે જરૂરી છે. આનાથી યુવતીઓ પોતાનો બચાવ કરી શકે છે. ચોથાથી ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતી યુવતીઓ માટે માર્શલઆર્ટની ટ્રેનીંગ ફરજિયાત કરવા ભારત સરકારને અપીલ કરીને ઓનલાઈન અરજી કરી છે. નીતુ ચંદ્રા પોતે ટેકવાન્ડોમાં બ્લેકબેલ્ટ રહી ચૂકી છે અને એશિયન સ્તરે બે વખત ભારતનું પ્રતિનિધીત્વ પણ કરી ચૂકી છે. આ હેતુમાં એજિયોનો ટેકો ધરાવતી નીતુ ચંદ્રાનું કહેવું છે કે માર્શલઆર્ટની ટ્રેનીંગથી યુવતીઓમાં આત્મવિશ્વાસ વધશે તથા પોતાની સુરક્ષા પણ વધારી શકશે. નીતુ ચંદ્રાની સાથે સાથે બોલિવૂડના અન્ય ઘણા કલાકારો પણ આ અંગેની રજૂઆત કરી ચૂક્યા છે.

## આકાશ-૪ ટેબલેટમાં ઘણી પ્રાદેશિક ભાષાઓ પણ હશે

નવી દિલ્હી,તા. ૨૫

ટેકનોલોજીના માધ્યમથી ઉચ્ચ શિક્ષણ સાથે ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓને જોડવાના પ્રયાસ હેઠળ હવે સસ્તા ટેબલેટ આકાશ-૪ આગામી વર્ષે જાન્યુઆરી સુધી રજુ કરવાની તૈયારીમાં છે. આકાશ-૪ ટેબલેટથી દેશની અનેક પ્રાદેશીક ભાષાઓમાં અભ્યાસ કરવા અને અન્ય પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. માહિતી અને પ્રસારણ ટેકનોલોજી મારફતે હવે ગ્રામીણ લોકોને તમામ પ્રકારની સુવિધા મળશે. અનેક સુવિધાઓ આકાશ-૪ ટેબલેટમાં રહેશે. રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમના સલાહકાર પ્રદિપ શર્માએ કહ્યું છે કે, નવા આકાશમાં હવે પ્રાદેશીક ભાષાઓમાં અભ્યાસ કરવાની સુવિધા મળશે. આકાશની નવી આવૃત્તિમાં હિન્દી, કન્નડ, તેલુગુ, મલયાલી, તમીલ, મરાઠી, ગુજરાતી, પંજાબી, બાંગલા, ઓરીયા, આસામી, મણીપુરી, સંસ્કૃત, દેવનગરી જેવી ભાષાઓમાં અભ્યાસ કરવાની સુવિધાઓ રહેશે.



આકાશની નવી આવૃત્તિમાં ઓડીયો-વિડીયો ચેટકોન્ફ્રેન્સની પણ સુવિધા રહેશે. માહિતી પ્રસારણ મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, નવા આકાશ-૪ આગામી વર્ષે જાન્યુઆરી સુધી રજુ કરવાની સંભાવના છે. આકાશ-૪માં એક જીબી મેમરી, ચાર જીબી અથવા તેનાથી વધારે ઈન્ટરનલ સ્ટોરેજ ક્ષમતાની સાથે ટુજી, થ્રીજી અને ૪જી ડેટા કનેક્ટીવીટી ડોંગલની સુવિધા રહેશે. ૭ ઈંચના ટચસ્ક્રીન વાળા આકાશ-૪ વાઈફાઈ, બ્લુટુથ સાથે પણ કનેક્ટ રહેશે. આમાં પીડીએફ ફાઈલ વાંચવાની સુવિધા સાથે ટેક્સ્ટ એડીટર અને ઈ-બુક રીડર પણ રહેશે. વિદ્યાર્થીઓને આનાથી ઘણી મદદ પણ મળશે.

## સમાચાર ઝલક

- લેબેનોનમાં મસ્જિદમાં બોમ્બ વિસ્ફોટથી ૬૦ વ્યક્તિઓનાં મોત.
- બિહારમાં પુરથી ભારે તબાહી સર્જાઇ.
- અયોધ્યા નજીક સંતોમહંતોની અટકાયત, તનાવપૂર્ણ પરિસ્થિતિ.
- ભરૂચનો ઐતિહાસિક ગોલ્ડન બ્રીજ બંધ, જળ સપાટી ૩૬ ફૂટને પાર, નર્મદાની જળ સપાટી વધી.
- મુંબઇ ગેંગરેપના તમામ પાંચે આરોપીઓની ધરપકડ કરતી પોલીસ.
- સોમવારથી વિશ્વ હિન્દુ પરિષધનું આંદોલન શરૂ થશે.
- થરાદમાં ૫૧ લાખનો વિદેશી દારૂ પકડાયો.
- અભિનેતા ગોવિંદાએ ડાંગ સાપુતારાની મુલાકાત લીધી.
- પીપાવાવ બંદરના વિસ્તરણ પર સ્ટે.
- વિદર્ભને અલગ રાજય બનાવવા માટે કેદીઓ ઉપવાસ પર.
- પાકિસ્તાન તરફથી સરહદ પર સીઝફાયર ઉલ્લંઘન ચાલુ, સતત ગોળીબાર.
- મુંબઇ રેલ્વેમાં મહિલાઓ માટે સુરક્ષા વધારે કડક બનાવાશે.
- ઉત્તરપ્રદેશમાં ચાલુ માસમાં સતત ત્રણ વખત પુરથી ભારે તારાજી.
- આજે નાગપંચમીની ઉમંગભેર ઉજવાઇ.
- બગદાદમાં આત્મઘાતી હુમલામાં ૨૫ લોકોનાં કરૂણ મોત.
- ઇટાલી કેદી સૈનિકોને ભારત નહિ મોકલે.
- કાવેરી બેસીનમાં રિલાયન્સને મળ્યો ગેસનો જથ્થો.
- મોડાસામાં ટ્રક પલટી ખાતાં સળગી ઉઠી.
- ગાંધીધામમાં રાજકીય અગ્રણીઓ અને ઉદ્યોગપતિઓ જુગાર રમતાં ઝડપાયા.

**શબ્દ સમીપે** (પાના નં. ૪ નું ચાલુ)

‘વિશ્વાસ છે હજી’ કાવ્ય સંગ્રહના કવિ ઓઝા ચંદુલાલ શંકરલાલ ‘ચંદુ મહેસાનવી’નો જન્મ તા. ૫-૯-૧૯૪૪ ના રોજ ચાણસ્મા ખાતે થયો. મહેસાણા તેમનું વતન છે. બી.એ., એલ.એલ.બી.નો અભ્યાસ ધરાવતા નિવૃત્ત સિટી સેસન્સ જજ, ભદ્ર - અમદાવાદને તેમના સાહિત્ય સર્જન માટે અને ૧૯૯૯માં રસ કવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ એવોર્ડ નડિયાદ ખાતે એનાયત થયો હતો. સાહિત્ય સર્જન ક્ષેત્રે ૧૯૭૫થી કાર્યરત કવિએ આપણને ૧૫ જેટલા કાવ્ય સંગ્રહો, ૧૩ જેટલાં સંપાદનો આપી ગુજરાતી કાવ્ય અને ગઝલ સાહિત્યને તો સમૃદ્ધ કર્યું જ છે. ઉર્દુમાં પણ કવિએ એટલી જ સહજતા અને સરળતાથી નામના પ્રાપ્ત કરી છે. તેમની રચનાઓમાં કટાક્ષો ઘેરા અને ગહન હોય છે. અને તેમની કવિતા પુરી ગંભીરતા સાથે એની પ્રતીતિ કરાવે છે. ચંદુભાઇ અમને પણ તમારા પર ‘વિશ્વાસ છે હજી’ કે તમે આમ જ તમારી ઉત્કૃષ્ટ રચનાઓ દ્વારા શ્રાવણની આ મૌસમની જેમ ભીંજવતા રહેશો. ખુબ ખુબ અભિનંદન !

‘વિશ્વાસ છે હજી’ (કાવ્ય સંગ્રહ)
કવિ : ચંદુ મહેસાનવી, સંપર્ક સૂત્ર - ૯૪૨૭૩૦૦૮૭૫
પ્રકાશક : ‘કલ્લોલ’ સાહિત્ય સભા
C/O ઉસ્માન મલેક ‘સહર’ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ સામે
મુ. કલોલ. જિ. ગાંધીનગર
કિંમત : તમારી લાગણી, પૃષ્ઠ : ૬૪
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧જ

## આજથી યુએસ ઓપનનો ન્યૂયોર્કમાં શાનદાર પ્રારંભ

ન્યૂયોર્ક,તા. ૨૫

યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ આવતીકાલથી શરૂ થઈ રહી છે. વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડસ્લેમને લઈને ટેનિસ ચાહકોમાં જોરદાર ઉત્સુકતા પ્રવર્તી રહી છે. આ ગ્રાન્ડસ્લેમ ૯મી સપ્ટેમ્બર સુધી ચાલશે. અમેરિકામાં ન્યૂયોર્ક ખાતે હાર્ટકોટ ઉપર યુએસ ઓપનની ૧૩૩મી આવૃત્તિની શરૂઆત થવા જઈ રહી છે. એન્ડી મરે અને સેરેના વિલિયમ્સ ક્રમશ પુરુષો અને મહિલાઓના વર્ગમાં પોતાના સિંગલ્સ તાજને જાળવવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. એકબાજુ એન્ડી મરેને પડકાર ફેંકવા માટે નડાલ, જોકોવીક અને રોજર ફેડરર જેવા શક્તિશાળી ખેલાડીઓ છે. સેરેના વિલિયમ્સ હોટ ફેવરિટ દેખાઈ રહી છે. કારણ કે રશિયન સ્ટાર મારિયા શારાપોવા ઈજાના લીધે સ્પર્ધામાંથી ખસી ગઈ છે. યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ ૮મી સપ્ટેમ્બર સુધી ચાલશે. યુએસ ઓપન ટેનિસની મોટી ગ્રાન્ડસ્લેમ પૈકીની એક છે. યુએસ ઓપનમાં તમામ મોટા ખેલાડીઓ મેદાનમાં ઉતરનાર છે. જો કે આ વખતે એક મોટો ફટકો શરૂઆત પહેલા જ પડી ગયો છે. ચાર વખતની ગ્રાન્ડસ્લેમ વિજેતા મારિયા શારાપોવા સ્પર્ધાથી નીકળી ગઈ છે. યુએસ ઓપનમાં ડ્રોની જાહેરાત કરી દેવામાં આવી છે. આ વખતે નિરાશાજનક બાબત એ છે કે સૌથી વધારે ગ્રાન્ડસ્લેમ જીતવાનો રેકોર્ડ ધરાવનાર રોજર ફેડરર આ વખતે યુએસ ઓપનમાં સાતમાં ક્રમાંકિત ખેલાડી તરીકે મેદાનમાં ઉતરી રહ્યો છે જે ખૂબ જ નિરાશાજનક બાબત છે પરંતુ રોજર ફેડરર હજુ પણ હોટ ફેવરિટ તરીકે છે. યુએસ ઓપનમાં પુરુષ વર્ગમાં નોવાક જોકોવીક અને મહિલા વર્ગમાં સેરેના વિલિયમ્સ પ્રથમ ક્રમાંકિત ખેલાડી તરીકે મેદાનમાં ઉતરી રહ્યા છે. રાફેલ નડાલ બીજા ક્રમાંકિત ખેલાડી તરીકે મેદાનમાં ઉતરશે. યુએસ ઓપનને લઈને ચાહકોમાં ટિકિટ માટે ઉત્સુકતા જોવા મળી રહી છે. પ્રથમ ક્રમાંકિત ખેલાડી સેરેના વિલિયમ્સ હોટ ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરી રહી છે. વિલિયમ્સ પાંચમી વખત યુએસ ઓપન અને તેની કેરિયરમાં ૧૭મી વખત સિંગલ્સ ગ્રાન્ડસ્લેમ જીતવાનો ઈરાદો ધરાવે છે. ૩૧ વર્ષીય અમેરિકન ખેલાડી છેલ્લા ૧૪ મહિનામાં શાનદાર રેકોર્ડ ધરાવે છે. તે ગયા વર્ષે વિમ્બલ્ડન, લંડન ઓલમ્પિક્સ અને યુએસ ઓપન ટાઈટલ જીતી ગઈ હતી.

## કાજોલ હોમ પ્રોડ્કશનની ફિલ્મ સાથે વાપસી કરશે

મુંબઈ,તા. ૨૫

અજય દેવગને કહ્યું છે કે, કાજોલ તેના પ્રોડ્કશન હેઠળની ફિલ્મ સાથે બોલીવુડમાં વાપસી કરશે. અજય દેવગન પ્રોડ્કશન હાઉસ દ્વારા હાલના દિવસોમાં ફિલ્મોનું નિર્માણ કામ કરવામાં આવી ચુક્યું છે. સત્યાગ્રહ ફિલ્મમાં અજય દેવગનની મુખ્ય ભુમિકા છે. અજય દેવગનનું કહેવું છે કે, કાજોલને શોભે તેવી પ્રકારની ભુમિકા આપવામાં આવશે. વર્ષ ૨૦૧૧ના રાસ્કલ અને હિમ્મતવાલા બે ફિલ્મોને નિષ્ફળતા હાથ લાગ્યા બાદ અજય દેવગનની મોટાભાગની ફિલ્મો સુપરહીટ સાબિત થઈ છે. સિંઘમ-૨ અને પ્રભુદેવાની વધુએક ફિલ્મમાં તે કામ કરનાર છે. અજય દેવગન પોતાના પ્રોડ્કશન હેઠળ પણ યોગ્ય પટકથાને ધ્યાનમાં લઈને ફિલ્મો બનાવવાની તૈયારીમાં છે.